# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૦ તા.૨૧-૭-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :-અમદાવાદ શહેરને ભારતના પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સિટી'નું વિશ્વ ગૌરવ પ્રાપ્ત થતાં અમદાવાદ શહેરમાં તા.૧ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન 'હેરિટેજ મહોત્સવ' ઉજવવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,,**અમદાવાદ શહેરને ભારતના પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સિટી'નું વિશ્વ ગૌરવ પ્રાપ્ત થતાં** ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ શહેરમાં તા.૧ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન **'હેરિટેજ મહોત્સવ'** ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે મ્યુનિ.શાળાઓમાં નીચે મુજબના કાર્યક્રમો થકી ઉજવણી કરવા જણાવવામાં આવે છે.

૧. **<u>હેરિટેજ વોક :</u>**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના મધ્ય ઝોનની ૧૦ ઉચ્ચ પ્રા. શાળાઓ તથા અન્ય ત્રણેય સંસ્થાઓમાંથી તા.૧-૮-૧૭ થી ૧૩-૮-૧૭ સુધી દરરોજ ૫૦ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકોની ટુકડીને હેરિટેજવિભાગમાંથી ગાઈડ દ્વારા હેરીટેજ વોક કરવાનું રહેશે. આ માટે દરરોજ ૪ શાળાઓનાં ૨૦૦ વિદ્યાર્થીઓ અને ૮ શિક્ષકો (ચારેય સંસ્થાઓની એક-એક શાળા) સવારે ૮-૦૦ કલાકે સ્વામીનારાયણ મંદિર, કાલુપુર ખાતે રિપોર્ટીંગ કરશે.

૨. **<u>નિબંધ સ્પર્ધા</u>**

**નિબંધ લેખન સ્પર્ધા માટે વિદ્યાર્થીઓનાં જૂથ નીચે મુજબના રહેશે**

જૂથ – ૧ : ધો. ૧ થી ૫ના વિદ્યાર્થીઓ

જૂથ – ૨ : ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓ

તા.૧ થી ૪ ઓગષ્ટ દરમ્યાન તમામ શાળા તેમની કક્ષાએ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ ભાગ લે તેવી રીતે નીચે પ્રમાણે આપેલા પાંચ વિષયો પૈકી શાળા દ્વારા આપવામાં આવેલ એ-૪ સાઈઝનાં ફુલસ્કેપ લીટી વાળા કાગળમાં કાગળની એક જ તરફ વર્ગ શિક્ષકોની હાજરીમાં દર્શાવેલ સમયમર્યાદામાં નિબંધ લેખન કાર્ય કરવાનું રહેશે.દરેક કાગળ ઉપર જે-તે સંસ્થાનું નામ , વિદ્યાર્થીનું નામ અને સંપર્ક નંબર, જૂથઅને વર્ગ નિરીક્ષકની સહી તથા જે-તે સંસ્થાનો સિક્કો બીનચૂક રીતે કરવાનો રહેશે.

**નિબંધ લેખન સ્પર્ધા માટેનાં વિષયો :**

૧. મારું શહેર , ઐતિહાસિક શહેર....
૨. અમદાવાદ શહેરનો ગૌરવશાળી ઈતિહાસ...
૩. ઐતિહાસિક વારસાની જાવળણીમાં મારી ભૂમિકા.......
૪. પોળ..... મારા નગરની આગવી ઓળખ
૫. અમદાવાદની ક્રાંતિયાત્રા-સ્વાતંત્ર સંગ્રામના સંસ્મરણ

| જૂથ | વિદ્યાર્થી | લઘુત્તમ શબ્દ મર્યાદા | સમય મર્યાદા | સ્પર્ધાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ધો.૧ થી ૫ | ૩૦૦ | ૩૦ મિનિટ | ૧ થી ૪ ઓગષ્ટ દરમ્યાન કોઈપણ એક દિવસ |
| ૨ | ધો.૬ થી ૮ | ૫૦૦ | ૫૦ મિનિટ | |

તમામ શાળાઓએ તા.૪-૮-૧૭ સાંજે ૫-૦૦ વાગ્યા સુધીમાં વિદ્યાર્થીઓએ લખેલ નિબંધને જૂથવાર બંચ બનાવીને તમારી શાળાના સંલગ્ન સુપરવાઈઝરશ્રીને પહોંચતા કરવાના રહેશે.

૩. **<u>ચિત્ર સ્પર્ધા :</u>**

**ચિત્ર સ્પર્ધા માટે વિદ્યાર્થીઓનાં જૂથ નીચે મુજબના રહેશે**

જૂથ – ૧ : ધો. ૧ થી ૫ના વિદ્યાર્થીઓ

જૂથ – ૨ : ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓ

તા.૧ થી ૪ ઓગષ્ટ દરમ્યાન તમામ શાળા તેમની કક્ષાએ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ ભાગ લે તેવી રીતે નીચે પ્રમાણે આપેલા પાંચ વિષયો પૈકી શાળા દ્વારા આપવામાં આવેલ ૧૩ × ૧૧ ઈંચ ની સાઈઝના ડ્રોઈંગ પેપર ઉપર વર્ગ

શિક્ષકોની હાજરીમાં દર્શાવેલ સમયમર્યાદામાં ચિત્રકામ(પેઈન્ટીંગ) કરવાનું રહેશે. દરેક કાગળ ની પાછળ જે-તે સંસ્થાનું નામ , વિદ્યાર્થીનું નામ અને સંપર્ક નંબર, જૂથ અને વર્ગ નિરીક્ષકની સહી તથા જે-તે સંસ્થાનો સિક્કો બીનચૂક રીતે કરવાનો રહેશે. વિદ્યાર્થીઓએ ચિત્ર દોરીને તેમાં ચોક કલર કે ઓઈલ પેસ્ટલ કલર કરવાનો રહેશે. વિદ્યાર્થીઓએ કાગળ સિવાયની તમામ સામગ્રી જાતે લાવવાની રહેશે.

**ચિત્ર સ્પર્ધા માટેનાં વિષયો :**

૧. મારું શહેર , ઐતિહાસિક શહેર....
૨. અમદાવાદ શહેરનો ગૌરવશાળી ઈતિહાસ...
૩. ઐતિહાસિક વારસાની જાવળણીમાં મારી ભૂમિકા.......
૪. પોળ..... મારા નગરની આગવી ઓળખ
૫. અમદાવાદની ક્રાંતિયાત્રા-સ્વાતંત્ર સંગ્રામના સંસ્મરણ

| જૂથ | વિદ્યાર્થી | સમય મર્યાદા | સ્પર્ધાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ધો.૧ થી ૫ | ૨ કલાક | ૧ થી ૪ ઓગષ્ટ દરમ્યાન |
| ૨ | ધો.૬ થી ૮ | ૨ કલાક | કોઈપણ એક દિવસ |

તમામ શાળાઓએ તા.૪-૮-૧૭ સાંજે ૫-૦૦ વાગ્યા સુધીમાં વિદ્યાર્થીઓએ દોરેલ ચિત્રને જૂથવાર બંચ બનાવીને તમારી શાળાના સંલગ્ન સુપરવાઈઝરશ્રીને પહોંચતા કરવાના રહેશે.

**૪. <u>એક મિનિટની મોબાઈલ ફિલ્મ :</u>**

અમદાવાદ શહેરના હેરિટેજ સ્થાનોની મુલાકાત લઈ તે સ્થળ ઉપર એક મિનિટની ટુંકી મોબાઈલ ફિલ્મ બનાવવાની રહેશે. આ માટે જૂથ ક્રમાંક-૨ના વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. વિદ્યાર્થી દ્વારા તૈયાર થયેલ ફિલ્મને જે-તે સંસ્થાએ ડી.વી.ડીમાં વિદ્યાર્થીની વિગત સહિત મેળવી લઈ તેને તા.૪-૮-૧૭ ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યા સુધીમાં શાળાના સંલગ્ન સુપરવાઈઝરશ્રીને પહોંચતી કરવાની રહેશે.

સુપરવાઈઝરશ્રી આ તમામ ડી.વી.ડી. બીટવાર અલગ પોલીથીન બેગમાં એકત્ર કરી તેની યાદી બનાવી મદદનીશ શાસનાધિકારીશ્રી ચંદ્રકાંતભાઈ ગામેતી(૯૪૨૯૨૫૪૪૫૦), ઉત્તર ઝોન (સૈજપુર શા.નં.૬, ટોરેન્ટ પાવરની પાછળ,મેમ્કો ચાર રસ્તા)ને તા.૫-૮-૧૭ના રોજ સવારે૧૧-૦૦ કલાક સુધીમાં પહોંચતી કરશે.

નિબંધ અને ચિત્ર સ્પર્ધામાં જે તે બીટ સુપરવાઈઝરશ્રી સ્થાનિક તજજ્ઞ નિર્ણાયકશ્રીઓની મદદ લઈને પોતાની બીટમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓ નક્કી કરવાના રહેશે. બીટમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમના વિજેતા વિદ્યાર્થીઓને તા.૮-૮-૨૦૧૭ ના રોજ સવારે ૮:૦૦ કલાકે ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે ઉપસ્થિત રહેવાની લેખિત જાણકારી જે તે બીટ સુપરવાઈઝરશ્રીએ કરવાની રહેશે અને તેઓની વિગત (વિજેતા વિદ્યાર્થીનું નામ,શાળાનું નામ, સરનામું,વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષકશ્રીનો સંપર્ક નંબર) જે તે વડી કચેરીના સહી સિક્કા સાથે તા.૬/૮/૨૦૧૭ સુધીમાં ઉસ્માનપુરા પ્રાથમિક શાળા નં.૨ ખાતે સવારે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં મદદનીશ શાસનાધિકારીશ્રી, શ્રી દિનેશકુમાર દેસાઈ(૯૪૨૬૩૬૬૦૮૮) પશ્ચિમ ઝોનને પહોંચાડવી.

એક મિનિટની મોબાઈલ ફિલ્મ સ્પર્ધામાં દરેક બીટમાંથી પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમાંક મ્યુનિ.કોર્પો. અમદાવાદના ઈ-ગર્વનન્સ વિભાગ તરફથી નક્કી કરી આપવામાં આવશે. બીટવાર ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને બીટ સુપરવાઈઝરશ્રી મારફતે પ્રમાણપત્રો પહોંચાડવામાં આવશે તથા ઈનામ/ગીફ્ટ વાઉચર જે-તે વિજેતા વિદ્યાર્થીને આપવામાં આવશે.

આમ ઉપરોક્ત સ્પર્ધા ક્રમાંક ૨માં શહેર કક્ષાના તમામ જૂથવાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓ ઘોષિત કરવામાં આવશે તથા તેઓને હેરિટેજ મહોત્સવના સમાપન સ્થળે (સાબરમતી રીવર ફ્રંટ ખાતે) પ્રમાણપત્ર તથા ઈનામ/ગીફ્ટ વાઉચર આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે. પસંદીત ચિત્રોનું ભવ્ય પ્રદર્શન યોજવામાં આવશે. પસંદીત મોબાઈલ ફિલ્મોને સમાપન સ્થળ પ્રસારિત કરવામાં આવશે.

**૫. <u>હેરિટેજસ્મારકોની મુલાકાત :-</u>**

આ સાથે યાદીમાં જણાવેલ અમદાવાદ શહેરનાં હેરિટેજ સ્મારકો પૈકી તમારી શાળા વિસ્તારની નજીકમાં આવેલા હેરિટેજસ્મારકોની તારીખ ૧ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન મહત્તમ મુલાકાતો યોજવાનું તમારી કક્ષાએથી સુંદર આયોજન કરવા જણાવવામાં આવે છે.

તા.૨૧-૭-૧૭ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

**અગત્યની નોંધ :- પરિપત્ર નં.૩૮ તા.૧૯-૭-૧૭ મુજબ 'મા નર્મદા મહોત્સવ' ઉજવવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આ સાથે સામેલ મા નર્મદા મહોત્સવની સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયમોનો અભ્યાસ કરી તમારી શાળામાંથી નિબંધ, કાવ્ય લેખન અને સૂત્રલેખન સ્પર્ધામાં જણાવેલ સાઈટ ઉપર શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરી જરૂરી વિગતોને ઓનલાઈન એન્ટ્રી કરી તાત્કાલિક અપલોડ કરવા જણાવવામાં આવે છે.

આ અગાઉ પરિપત્ર નં.૩૮ તા.૧૯-૭-૧૭ મુજબ હવે કોઈપણ શાળા કે સુપરવાઈઝરશ્રીએ હાર્ડકોપીમાં આ સ્પર્ધાની કૃતિઓ આપવાની રહેતી નથી.

દરેક શાળાઓ કયા વિષયમાં કેટલી કૃતિ અપલોડ કરી તેની માહિતી સુપરવાઈઝરશ્રીને સોમવાર તા.૨૪-૭-૧૭ સાંજે ૫-૦૦ કલાક સુધીમાં જણાવવાનું રહેશે.

મા નર્મદા મહોત્સવની સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયમો

૧ ફક્ત વેબસાઈટ(www.narmadamahotav.gujarat.gov.in) દ્વારા online નોંધણી કરેલ સ્પર્ધકો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધાનું માધ્યમ ગુજરાતી ભાષા રહેશે.

૨ સ્પર્ધા માટે નોંધણી અને એન્ટ્રી તારીખ તા.૧૦-૭-૧૭ થી ૨૫-૭-૧૭ સુધી ખુલ્લી રહેશે.

૩ આ સ્પર્ધામાં નીચે મુજબની ત્રણ શ્રેણી રહેશે.

અ. ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓ

બ. ધોરણ ૧૧ થી કોલેજ/યુનિવર્સિઠીના વિદ્યાર્થીઓ

ક. અન્ય નાગરિકો

૪ વિદ્યાર્થીઓએ શાળાનું નામ તથા શાળાના શિક્ષક,મુખ્ય શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર તથા અન્ય સ્પર્ધકોએ પોતાનો મોબાઈલ નંબર આપવો ફરજિયાત છે.

૫ દરેક સ્પર્ધક કોઈપણ એક અથવા વધારે સ્પર્ધામાં ગમે તેટલીવાર ભાગ લઈ શકશે. સ્પર્ધાને લગતા દરેક વિષયો સ્પર્ધકનું પોતાનું સર્જન/ મૌલિક હોવું જોઈએ.

૬ આ સ્પર્ધામાં ફકત online entry થી જ નોંધણી કરી સ્પર્ધાને લગતી માહિતી જેવી કે કવિતા, નિબંધ, સ્લોગન, નર્મદાના પાણીથી થયેલ લાભને લગતી સફળ ગાથાઓ અને આશરે એક મિનિટની મોબાઈલ ફિલ્મ નીચે દર્શાવ્યા મુજબની ફાઈલ ફોર્મેટમાં અપલોડ કરવાની રહેશે.

૭ કવિતા, સ્લોગન, સફળ ગાથા અને નિબંધ અપલોડ કરવા માટે word ફાઈલ કે pdf ફાઈલમાં શ્રુતિ ફોન્ટ નો જ ઉપયોગ કરવાનો રહેશે.

૮ મોબાઈલ વિડિયોની સ્પર્ધાનો વિડિયો અપલોડ કરવા માટે .mp4 અથવા .avi ફાઈલનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૯ વિજેતા સ્પર્ધકોને દરેક કેટેગરીમા નીચે મુજબના ઈનામો દ્વારા સન્માનીત કરવામાં આવશે.

પ્રથમ વિજેતા : રૂપિયા ૨૫,૦૦૦

દ્વિતીય વિજેતા : રૂપિયા ૧૫,૦૦૦

તૃતિય વિજેતા : રૂપિયા ૧૦,૦૦૦

૧૦ સ્પર્ધામાં વિજયી સ્પર્ધકો ના નામ ભોળી પ્રસિદ્ધિ થી સમાચાર માધ્યમો દ્વારા કરવામાં આવશે અને સરકારશ્રી દ્વારા નક્કી કરેલ કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવશે.

૧૧ સ્પર્ધકે ભરેલું સ્પર્ધાની નોંધણીમાં કોઇ પણ જાતની અધૂરી વિગતો અથવા સંબંધિત નહિ હોય તો તેવી એન્ટ્રીઓ રદ થવાને પાત્ર થશે.

૧૨ સ્પર્ધામાં આવેલ એન્ટ્રીઓની મૂલ્યાંકન નિષ્ણાંત જ્યુરી દ્વારા કરવામાં આવશે.

૧૩ તમામ સ્પર્ધામાં આવેલ એન્ટ્રીઓના પરિણામ/વિજેતા તથા સ્પર્ધકને સ્પર્ધામાંથી બાકાત કરવા કે નહીં તેના માટે અબાધિત સત્તા સ્પર્ધાની જ્યુરીની રહેશે.

૧૪ સ્પર્ધામાં વિજેતા થયેલ નિબંધ, કવિતા, સુવાક્યો, અને વિડિયો ફિલ્મના પ્રચાર/ પ્રસાર કરવાના અધિકારો સરકારશ્રીના રહેશે.

૧૫ આ સ્પર્ધાને લગતા કોઇપણ વાદ વિવાદમાં નિષ્ણાંત જ્યુરીનો નિર્ણય અંતિમ ગણાશે.

તા.૨૧-૭-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી